**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - 03 ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

તું ટોચ પર ગયાનો આનંદ છે મને પણ, અફસોસ છે કે ત્યાંથી નાનો તને હું લાગ્યો!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૨ ● તારીખઃ ૧૪.૦૯.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



# ગુજરાતમાં મેઘરાજાની તોફાની ઈનિંગ્સઃ હળવદમાં વીજળી પડતાં મા-પુત્રનું મોત, અમદાવાદ સહિત રાજ્યભરમાં ધોધમાર વરસાદ

## હવામાન વિભાગની આગાહી વચ્ચે પાટણ, કચ્છ અને અરવલ્લી પંથકમાં વરસાદી માહોલઃ ખાડિયામાં જર્જરિત મકાન ધરાશાયી થતાં અફરાતફરી

**સમય સંદેશઃ અમદાવાદ**

રાજ્યમાં ૪ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ પુનઃ પધરામણી કરી છે. અમદાવાદ, કચ્છ, પાટણ, હળવદ અને અરવલ્લી સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ નોંધાયો છે, ત્યારે હળવદના માથક ગામની સીમમાં ખેતરમાં મગફળીને પિયત કરી રહેલા ખેત શ્રમિક મનકુબેન નાયકા (૨૮) અને તેમના પુત્ર શ્યામ રાકેશ નાયકા પર આકાશી વીજળી ત્રાટકતાં બંનેના કરૂણ મોત નીપજ્યા હતા. આ ઘટના અંગે હળવદ પોલીસને જાણ કરાતાં બંને મૃતદેહોને પીએમ અર્થે ચરાડવા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ હળવદ શહેર સહિત ઘનશ્યામપુર, સાપકડા અને







ભલગામડામાં પણ વરસાદી ઝાપટાં પડતાં ખેડૂતોમાં રાહતની લાગણી પ્રસરી છે. અમદાવાદ શહેરમાં પણ સાંજના સમયે કાળા ડિબાંગ વાદળો વચ્ચે વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે સેટેલાઇટના રામદેવનગર રોડ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સાહસ કરવો પડ્યો હતો. આ ઉપરાંત, શહેરમાં વરસાદ વચ્ચે ખાડિયા વિસ્તારમાં પંચકુલા પાસે આવેલું એક ૪ માળનું જર્જરિત બિલ્ડિંગ ધરાશાયી થવાની દુર્ઘટના ઘટી હતી, જેમાં મા-દીકરી કાટમાળ હેઠળ ફસાતાં ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

અનુ પાના નં.૨ પર

# બ્રિક્સ સમિટમાં પીએમ મોદીની રાજદ્વારી ઉષ્માઃ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અસ્વસ્થ જણાતાં ભાષણ અટકાવી ખબરઅંતર પૂછ્યા

## નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૮મી બ્રિક્સ સમિટમાં ભારત-ચીન સંબંધોમાં બરફ પીગળ્યોઃ દ્વિપક્ષીય બેઠકમાં મતભેદોને વિવાદમાં ન ફેરવવા સમજૂતી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હી, ૧૪ સપ્ટેમ્બરઃ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલી ૧૮મી બ્રિક્સ સમિટના પ્રથમ દિવસે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં નવી ઉષ્મા જોવા મળી હતી. પીએમ નરેન્દ્ર મોદી પોતાના ઉદઘાટન ભાષણ આપી રહ્યા હતા ત્યારે અચાનક ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અસ્વસ્થ




જણાતાં, પીએમ મોદીએ ક્ષણભર માટે પોતાનું ભાષણ અટકાવીને અનુવાદક મારફતે તેમના ખબરઅંતર પૂછી માનવતાવાદી સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જિનપિંગે માથું હલાવીને સહમતિ દર્શાવ્યા બાદ ભાષણ ફરી શરૂ કરાયું હતું. સાંજે આયોજિત રાત્રિભોજનમાં મુસાફરીના થાકને

અનુ પાના નં.૨ પર

# બ્રિક્સ સમિટ દરમિયાન દિલ્હીમાં રાજકીય ગરમાવોઃ ગાલા ડિનરના વેજિટેરિયન મેન્યૂ પર રાહુલ ગાંધીના સવાલ સામે કેન્દ્રીય મંત્રીનો પલટવાર





## મલેશિયાના વડાપ્રધાને રાહુલ-પ્રિયંકા સાથે યોજી નાસ્તા પર બેઠકઃ પીએમ મોદી સાથેની દ્વિપક્ષીય વાટાઘાટો બાદ બોલીવુડ ગીત ગાતો વીડિયો થયો વાયરલ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશની રાજધાની નવી દિલ્હી ખાતે યોજાયેલી બ્રિક્સ સમિટ દરમિયાન યોજાયેલા ગાલા ડિનરના સંપૂર્ણ વેજિટેરિયન મેન્યૂ સામે લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવતાં નવો રાજકીય વિવાદ સર્જાયો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર છોલે ભટૂરેની તસવીર શેર કરતાં લખ્યું હતું કે, ભારતની ૮૦ ટકા વસ્તી નોન-વેજિટેરિયન છે અને ભારતીય નોન-વેજ વાનગીઓ અત્યંત સ્વાદિષ્ટ હોય છે. આ ટિપ્પણી સામે કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુએ પલટવાર કરતાં જણાવ્યું હતું કે, બ્રિક્સ દેશોના નેતાઓને પીરસાયેલા પૌષ્ટિક અને ક્ષેત્રીય પરંપરા ધરાવતા શાકાહારી ભોજન પર પણ કોંગ્રેસ રાજકારણ કરી રહી છે તે દૂર્ભાગ્યપૂર્ણ છે.

બીજી તરફ, બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આવેલા મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ સાથે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને મહાસચિવ પ્રિયંકા ગાંધીએ

અનુ પાના નં.૨ પર


# જામનગરના ૯ વર્ષના વિહાને હિમાલયનું માઉન્ટ યુનામ સર કર્યુંઃ૬,૧૧૧ મીટર ઊંચું શિખર સર કરનાર બીજો નાની વયનો બાળ પર્વતારોહક બન્યો; ટોચ પર તિરંગો અને 'જય જય ગરવી ગુજરાત'નું બેનર લહેરાવ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ૯ વર્ષીય વિહાન ચેતરિયાએ હિમાલયનું ૬,૧૧૧ મીટર ઊંચું કઠિન માઉન્ટ યુનામ શિખર સફળતાપૂર્વક સર કરીને સમગ્ર દેશ અને ગુજરાતનું નામ વિશ્વસ્તરે રોશન કર્યું છે. 'બિકાટ એડવેન્ચર' દ્વારા આયોજિત પર્વતારોહણ અભિયાન અંતર્ગત ગત ૧૦ સપ્ટેમ્બરે તેણે આ ઐતિહાસિક સિદ્ધિ હાસલ કરી હતી.








આ સાથે વિહાન ૬,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતું શિખર સર કરનાર વિશ્વનો બીજો સૌથી નાની વયનો પર્વતારોહક બની ગયો છે, જે જામનગર અને સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે.

હિમાલયનું માઉન્ટ યુનામ અત્યંત કઠિન અને પડકારજનક શિખરો પૈકીનું એક ગણાય છે. વિહાને હાડ ગાળતી હાડચામડાં


અનુ પાના નં.૨ પર

# UCC પર અમિત શાહનો 'માસ્ટર પ્લાન', ૨૦૨૯ પહેલાં ૨૧ રાજ્યોમાં લાગુ થશે સમાન નાગરિક સંહિતા

## નોર્થ-ઈસ્ટમાં ૯,૦૦૦ થી વધુ ઉગ્રવાદીઓએ સરન્ડર કર્યું છે અને આ વિસ્તાર હવે વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશના કાયદાકીય અને સામાજિક માળખાને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં ભાજપ અને એનડીએ (NDA) શાસિત તમામ ૨૧ રાજ્યોમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) પૂર્ણપણે લાગુ કરી દેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું કે, ત્રિપલ તલાક નાબૂદ કરીને મુસ્લિમ મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવ્યા છે અને હવે સમાન નાગરિક સંહિતા તરફ દેશ ઝડપથી આગળ વધી રહ્યો છે. દેશની કાયદા વ્યવસ્થા અંગે વાત કરતાં ગૃહમંત્રીએ ઉમેર્યું કે, 'ભારતીય ન્યાય સંહિતા' લાગુ થવાથી દેશની જ્યુડિશિયલ સિસ્ટમ અત્યંત મજબૂત બની છે. તેના કારણે અનેક રાજ્યોમાં




ગંભીર ગુનાઓમાં સજા અપાવાનો દર એક જ વર્ષમાં 30 ટકા સુધી વધ્યો છે. સરકાર એવું સક્ષમ તંત્ર ઊભું કરી રહી છે જેથી કોઈપણ કેસમાં 3 વર્ષની અંદર પીડિતને ન્યાય મળી શકે. આ સિવાય નોર્થ-ઈસ્ટમાં ૯,૦૦૦ થી વધુ ઉગ્રવાદીઓએ સરન્ડર કર્યું છે અને આ વિસ્તાર હવે વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે. દેશમાંથી ગેરકાયદેસર ઘૂસણખોરોને હાંકી કાઢવાના સંકલ્પને દોહરાવતાં અમિત શાહે કહ્યું કે, સરહદ પારથી આવતા એક-એક અસંવિધિસ્ત ઘૂસણખોરની ઓળખ કરીને તેમને દેશ બહાર કરવામાં આવશે. મણિપુરમાં એનઆરસી (NRC) અંગે તેમણે જણાવ્યું કે સરકાર તમામ સહયોગી પક્ષો સાથે વાટાઘાટો કરી રહી છે. આ ઉપરાંત, 'નશા મુક્ત ભારત અભિયાન' હેઠળ દેશને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દરેક રાજ્ય સાથે મળીને ગ્રાઉન્ડ લેવલ પર કડક કાર્યવાહી કરી રહી છે.

# મોદીના ૨૫ વર્ષના સેવાકાર્યની થશે ઉજવણી, વડનગરથી વારાણસી નીકળશે સેવા સંકલ્પ યાત્રા

**સમય સંદેશઃ વડનગર**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનના ૨૫ વર્ષ પૂર્ણ થતા ભાજપ દ્વારા વડનગરથી વારાણસી અને વારાણસીથી વડનગર સમાંતર સેવા સંકલ્પ યાત્રા ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે, જે પૂર્વે નવસારીના પવિત્ર યાત્રાધામ ઉનાઈ ખાતેથી માં ઉષ્ણ અંબાના દર્શન કરી, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ સેવા સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

સતત સત્તા પર રહીને રાજ્ય અને દેશની સેવામાં ઓતપ્રોત રહેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ પણ ૧૭ સપ્ટેમ્બરે આવે છે, ત્યારે શાસનના ૨૫ વર્ષોને સેવા થકી યાદ કરવા ભાજપ દ્વારા પ્રધાનમંત્રીના જન્મ સ્થળ વડનગરથી તેમના કાર્યસ્થળ એટલે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, જ્યાંથી સાંસદ છે એવા કાશી વિશ્વનાથના વારાણસી સુધી સેવા સંકલ્પ યાત્રા યોજવામાં આવી રહી છે. આગામી ૧૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રીના જન્મ દિવસથી યાત્રા પ્રારંભ થશે.

જેને ભારતના ગૃહ મંત્રી અમિત શાહ પ્રસ્થાન કરાવશે. ૨૦ દિવસ દેશના અલગ અલગ રાજ્યોના ગામડાઓએ અને શહેરોમાંથી પસાર થઈ યાત્રા વારાણસી પહોંચશે. યાત્રામાં દેશની જાણીતી નદીઓના પાણી પણ કળશમાં લઈ જવાશે અને કાશી વિશ્વનાથને અભિષેક થશે. જેમાં આજે ગુજરાતના ચાર પવિત્ર યાત્રાધામ ઉનાઈ, શામળાજી, સોમનાથ અને પાવાગઢથી પણ સેવા સંકલ્પ યાત્રા નીકળી છે. નવસારીમાં રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ યાત્રાધામ ઉનાઈ ખાતે આદિજાતિ કલ્યાણ મંત્રી નરેશ પટેલ, આદિવાસી મોરચાના પ્રમુખ ગણપત વસાવા, આદિવાસી ધારાસભ્યો અરવિંદ પટેલ, મોહન ધોડિયા અને જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહની ઉપસ્થિતિમાં ઉનાઈ માતાજીની પૂજા અર્ચના કરી, માંના આશીર્વાદ લઈ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

યાત્રામાં ૪૦ બાઈક નવસારીથી વારાણસી સુધી જશે, જ્યારે અન્ય ૧૦૦ બાઈક આગળના જિલ્લા સુધી પહોંચશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આજે વરસતા વરસાદ વચ્ચે શરૂ થઈ રહેલી સેવા યાત્રાને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સાથે જ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સાશનની ઉજવણી નથી, પણ અવિરત તેમના દ્વારા થતી દેશ સેવાને જન જન સુધી પહોંચાડવાની નેમ છે.

યાત્રા દરમિયાન અનેક વિધ સેવાકિય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવશે. જ્યારે વરસાદને વિઘ્ન નહીં, પણ લાંબા સમય બાદ જયારે જરૂર છે, ત્યારે જ આવ્યો છે એટલે માતાજીના આશીર્વાદ હોવાનો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.


## તંત્રી સ્થાનેથી..

### બીજો ચહેરો ક્યાં?!!

ભારત જેવી વિરાટ લોકશાહીમાં નબળા વિરોધપક્ષો એ પ્રજાનું સૌથી મોટું દુર્ભાગ્ય છે. બીજી બધી રાજકીય પાર્ટીઓ પોતાને નસીબદાર માનતી હશે કારણ કે પાર્ટીની અંદર અધ્યક્ષની ખુરશીને લઈને વિવાદ થતા નથી. જેની પાર્ટી એ જ અધ્યક્ષ. પાર્ટી પણ એ જ બનાવે જેની પોતાની વોટબેન્ક હોય. પાર્ટીના બીજા નેતાઓને એ પણ ખ્યાલ હોય છે કે જો તે પોતે વળી અધ્યક્ષ બની ગયા તો તેને વોટ આપશે કોણ ? સ્થાનિક રાજકીય પાર્ટીઓમાં ઝઘડા પરિવારની અંદર ત્યારે જ થતા હોય છે જ્યારે પાર્ટીની ધૂરા સાંભળવાની વાત આવતી હોય છે. ઉત્તરપ્રદેશમાં મુલાયમ સિંહની પાર્ટી સંભાળવા માટે તેના ભાઈ અને દીકરા વચ્ચે તણાવ સર્જાયો હતો. હરિયાણામાં ચૌધરી દેવીલાલના પરિવાર સાથે પણ આમ જ થયું હતું. મહારાષ્ટ્રના શરદ પવારના પરિવારની પણ આવી જ કઈંક સ્થિતિ હજુ છે. તામિલનાડુમાં જયલલિતાના અવસાન બાદ તેમના અંગત ગણાતા શશીકલા અને પાર્ટીના બીજા નેતાઓ વચ્ચે ખેંચતાણ થઈ હતી. તામિલનાડુમાં કરુણાનિધિ પછી તેના દીકરા સ્ટાલિનને લઈને ખાસ કોઈ ધમાલ ન હતી. પંજાબના અકાલી દળમાં પણ એવી જ પરિસ્થિતિ છે. બિહારમાં રામવિલાસ પાસવાનના દીકરાએ પણ પાર્ટીની ધૂરા સંભાળી છે. પરંતુ રાષ્ટ્રીય કક્ષાની પાર્ટીઓની વાત અલગ હોય છે. તેમાં બધા રાજ્યો અને જાતિઓ વચ્ચે સમન્વય જાળવવું પડતું હોય છે. ખાસ કરીને એવા એક ચહેરાની આવશ્યકતા હોય છે જે ચૂંટણી સમયે વડાપ્રધાનનો દાવેદાર બની શકે. ક્યારેક રબ્બર સ્ટેમ્પ અધ્યક્ષ કામચલાઉ ધોરણો ઉપર ચાલે પણ પ્રધાનમંત્રી માટેનો ચહેરો બહુ પ્રભાવક હોવો જોઈએ. ભારતીય પ્રજાની સંસ્કૃતિ અને સભ્યતાના અપાર વૈવિધ્ય છતાં એના પર એકસમાન ઈમ્પેક્ટ ઊભી કરી શકે એ ચહેરાની શોધ કોંગ્રેસની સૌથી મોટી સમસ્યા છે. બહારથી એવું દેખાય છે કે કોંગ્રેસનું જહાજ અધ્યક્ષપદના અખાતમાં ફસાયું છે જ્યારે કે હકીકત એ છે કે મનુષ્ય દેહ ધારણ કરેલી કોંગ્રેસની મુદ્રા જ પક્ષમાં લુપ્ત છે. સમગ્ર કોંગ્રેસ લાપતાગંજમાં ખોવાઈ ગઈ છે. ઈ. સ. ૧૯૮૦ માં બનેલી ભારતીય જનતા પાર્ટી રામ મંદિરના આંદોલન સાથે રાષ્ટ્રીય રાજકારણના મેદાનમાં ઉતરી હતી. પહેલી વખત તેર દિવસ અને પછી તેર મહિના જેટલો સત્તાકાળ ભોગવીને અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભાજપ પાંચ વર્ષ સરકાર ચલાવે છે. એટલો સમય માટે અટલ બિહારી વાજપેયી ભારતીય રાજનીતિનો પ્રમુખ ચહેરો બની ગયા હતા. એના જેટલો પ્રભાવ બીજા કોઈ નેતાનો પડતો ન હતો.



## હાલારના હાલહવાલ



# ગણેશ ઉત્સવ પૂર્વે દ્વારકા પોલીસ એક્શન મોડમાં: એસપીની આગેવાનીમાં ખંભાળિયામાં ફૂટ પેટ્રોલિંગ

### શાંતિ સમિતિ અને આયોજકો સાથે યોજાઈ બેઠક: અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી અને ચુસ્ત બંદોબસ્ત માટે પોલીસ તંત્ર સજ્જ




**સમય સંદેશ: દ્વારકા**

આગામી ગણપતિ મહોત્સવ શાંતિપૂર્ણ અને હર્ષોલ્લાસભર્યા માહોલમાં સંપન્ન થાય તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા દ્વારા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ યોજનાના ભાગરૂપે જામ ખંભાળિયાના સંવેદનશીલ વિસ્તારો સહિત મુખ્ય માર્ગો પર એસપી, ડીવાયએસપી, એલસીબી, એસઓજી તેમજ સ્થાનિક અને ટ્રાફિક પોલીસના કાફલા સાથે ભવ્ય ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓએ રૂટ નિરીક્ષણ કરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાના ઉદ્દેશથી એસપી જયરાજસિંહ વાળાની અધ્યક્ષતામાં જામ ખંભાળિયા ખાતે એક અગત્યની બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં શાંતિ સમિતિના સભ્યો અને ગણેશ મંડળના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આયોજકોને જિલ્લા કલેક્ટરના જાહેરનામા તથા સરકારી નિયમો વિશે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી અને મહોત્સવ શાંતિપૂર્ણ રીતે ઉજવવા અનુરોધ કરાયો હતો.

ગણેશ ઉત્સવની આડમાં કોઈ અસામાજિક તત્વો સક્રિય ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. પ્રોહિબિશન, જુગાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા માટે પોલીસ સ્ટાફને એલર્ટ પર રાખવામાં આવ્યો છે. કોઈ અણબનાવ ન બને અને શાંતિ જળવાઈ રહે તે માટે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ભક્તિ અને ઉત્સાહના આ પર્વને નિર્વિઘ્ને પૂર્ણ કરવા માટે દેવભૂમિ દ્વારકા પોલીસ સજ્જ બની છે.

# ખંભાળીયામાં 'રખ પાંચમ'નો મિની તરણેતર મેળો આજથી થશે શરૂ: સાંસદ પૂનમબેન, જીતેન્દ્રભાઈ અને ધારાસભ્ય મુળુભાઈ બેરા ખુલ્લો મુકશે



**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળીયા તાલુકાના શક્તિનગર ગામ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'મિની તરણેતર' સમાન પ્રખ્યાત શ્રી શિરેશૂર લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ચાર દિવસીય લોકમેળાનું વિધિવત ઉદઘાટન લોકસભા સાંસદ પૂનમબેન માડમ, રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારીયા અને ધારાસભ્ય મુળુભાઇ બેરાના વરદહસ્તે કરવામાં આવશે. આ મેળા માટે પંચાયત દ્વારા ૧૮૨ પ્લોટની હરાજી કરવામાં આવી હતી, જેનાથી શક્તિનગર ગ્રામ પંચાયતને રૂ. ૧.૦૭ કરોડની રેકોર્ડબ્રેક આવક થઈ છે. આ મેળો સૌરાષ્ટ્રભરના હજારો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

મેળામાં આવતા હજારો ભક્તો અને મુલાકાતીઓની સુરક્ષા તેમજ





કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મેળાના સ્થળે એક ખાસ કંટ્રોલ રૂમ અને ૮ વોચ ટાવર ઊભા કરાયા છે, તેમજ ૩૦થી વધુ સીસીટીવી કેમેરા અને ડ્રોન મારફતે સમગ્ર વિસ્તાર પર સતત બાજ નજર રાખવામાં આવશે. મહિલાઓ, બાળકો અને સિનિયર સિટીઝનની સુરક્ષા અર્થે 'શી ટીમ' પણ ખાસ તહેનાત રહેશે. જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી મિત રુદલાલ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કડક સુરક્ષા આયોજન કરવામાં આવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા, વરવાળા ખાતે શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ દ્વારા મહા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો






**સમય સંદેશ: દ્વારકા (હોથીભા સુમણિયા દ્વારા)**

દેવભૂમિ દ્વારકા તાલુકા ના વરવાળા ગામે આવેલ શ્રી વરવાળા ટી. બી. સેનેટોરિયમ સંચાલિત શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ ખાતે આજે તારીખ ૧૩ સપ્ટેમ્બર રવિવાર ના રોજ રાજકોટ ની જાણીતી ગોકુલ હોસ્પિટલ ના તબીબો ના સહયોગ મહા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું

આ કેમ્પમાં રાજકોટ ગોકુલ હોસ્પિટલ ના નિષ્ણાત ડોક્ટરોની ટીમે સેવા ઓ આપી હતી, જેમાં સર્જન. ફિઝિશિયન. કિડનીના રોગોનાં નિષ્ણાત..નેફ્રોલોજિસ્ટ તથા ઓર્થોપેડીક. હાડકાંના ડોક્ટરો દર્દીઓની સઘન તપાસ કરવામાં આવી હતી કેમ્પ દરમિયાન સ્થળ પર જ જરૂરી લેબોરેટરી રીપોર્ટ કરી દર્દીઓ ને વિના મુલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું સવારે ૮=૩૦ વાગ્યા થી બપોરના ૧=૦૦ વાગ્યા સુધી ચાલેલા આ કેમ્પમાં આસપાસ ના ગ્રામ્ય વિસ્તારના કુલ ૨૧૫ દર્દીઓએ હાજરી આપી આરોગ્ય વિષયક સારવાર મેળવી હતી આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શ્રી શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ ના આયુર્વેદ વિભાગના મુખ્ય તબીબ ડો. મહેતા સાહેબ તથા તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# જામનગરમાં સમસ્ત ભાવસાર સમાજ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ અને સમૂહપ્રસાદ યોજાયો

### માણેક મા ના સ્મરણાર્થે ભવ્ય ધાર્મિક આયોજન: મોટી સંખ્યામાં ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો





**સમય સંદેશ: જામનગર**



શ્રાવણ માસની પૂર્ણાહુતિ નિમિત્તે માણેક મા ના પારણા પ્રસંગે જામનગર શહેર તથા જિલ્લાના સમસ્ત ભાવસાર સમાજ દ્વારા હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ અને સમૂહ જ્ઞાતિ ભોજનના મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વ. માણેક મા ના સ્મરણાર્થે જામનગર ભાવસાર મહિલા સત્સંગ મંડળ દ્વારા સમાજની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ અર્થે આ ધાર્મિક મહોત્સવ યોજાયો હતો. કે. વી. રોડ પર કાશી વિશ્વનાથ મંદિર સામે આવેલી દયાશંકર બ્રહ્મપુરી ખાતે રવિવારે સવારે ૭:૦૦ વાગ્યાથી શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનો પ્રારંભ થયો હતો. યજ્ઞવિધિ પૂર્ણ થયા બાદ બપોરે ૧૨:૩૦ કલાકે સમૂહ જ્ઞાતિ ભોજન તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક આયોજનમાં જામનગર શહેર તેમજ સમગ્ર જિલ્લામાંથી ભાવસાર જ્ઞાતિના ભાઈઓ-બહેનો અને પરિવારોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી યજ્ઞ દર્શન તેમજ મહાપ્રસાદનો ભાવપૂર્વક લાભ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જામનગર ભાવસાર જ્ઞાતિના પ્રમુખ તથા મંડળના સભ્યોએ ભારે જહમત ઉઠાવી હતી.

## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

તિબેટ ઉચ્ચ મેદાન વિસ્તારમાં વરસાદની પેટર્ન બદલાઈ રહી છે. બાકીના કારણો માટે ગ્રીનહાઉસ ગેસને જવાબદાર માનવામાં આવે છે.

અત્યંત પ્રદુષિત ગંગાના મેદાનો એરોસોલ પ્રવૃત્તિનું કેન્દ્ર સ્થાન છે જે હિમાલયની તળેટીના વિસ્તારોમાં કાળા કાર્બનને કારણે ગરમી શોષી લેતા એરોસોલનું પ્રમાણ વધુ છે જ્યાં એરોસોલની ઓપ્ટીકલ ઊંડાઈ ૦.૩થી વધુ છે. એરોસોલ ગંગાના મેદાનો અને હિમાલયની તળેટી પર રેડિયેટીવ ફોર્સ ઉત્પન્ન કરવામાં બેથી ચાર ગણા વધુ સક્ષમ છે. હવાનું પ્રદૂષણથી પશ્ચિમ બંગાળ અને બિહાર સૌથી વધારે અસરગ્રસ્ત છે. મેદાનોમાંથી નીકળતું પ્રદૂષણ હવે હિમાલય સુધી પહોંચી ગયું છે. થર્મલ પાવર પ્લાન્ટ, બાયોમાસ બાળવા અને શહેરમાં કચરો બાળવાને કારણે સતત થઈ રહેલા ઉત્સર્જનથી પ્રદૂષણની સ્થિતિ ગંભીર બની રહી છે. મેદાનોમાં થઈ રહેલુ ઉત્સર્જન સીધું હિમાલયમાં એરોસોલનાં પ્રમાણને અસર કરી રહ્યું છે. એરોસોલ વાતાવરણમાં ધૂળ અને રાસાયણિક કણો જેવા સૂક્ષ્મ ઘન અથવા તરલ કણોનાં સસ્પેન્શનને કહે છે. પંજાબ, હરિયાણા અને દિલ્હીનું પ્રદૂષણ હિમાલયનાં પશ્ચિમી અને મધ્ય શ્રેણીઓ સુધી પહોંચી ગયું છે જ્યારે બિહાર તથા પશ્ચિમ બંગાળનું પ્રદૂષણ પૂર્વ હિમાલયને નુકસાન પહોંચાડી રહ્યું છે.

### ઈ-બાઈકમાં આગથી

(પાના નં. ૪ થી આગળ)

સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધરાયા હતા. ઇલેક્ટ્રિક બાઇકમાં આગ ક્યા કારણોસર લાગી તે અંગેની ચોક્કસ માહિતી હજુ સામે આવી નથી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ચકચાર મચી હતી.

### વાર્ષિક ઈન્સ્પેક્શન

(પાના નં. ૪ થી આગળ)

કામગીરી અંગે પણ ખાસ સમીક્ષા કરાઈ હતી. આ તકે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ ઉપસ્થિત પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે સંવાદ સાધીને તેમની કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ફરજ દરમિયાન વધુ કાર્યક્ષમતા તેમજ પારદર્શિતા જાળવી રાખવા સૂચનાઓ આપી હતી. આ વાર્ષિક નિરીક્ષણ સમયે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને સ્ટાફના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભવ્ય મટકી યાત્રા

(પાના નં. ૩ થી આગળ)

બાળકો, યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પાવન પ્રસંગે વોર્ડ નંબર ૧૪ ના ભાજપ કાર્યકર જીતેન્દ્રભાઈ નંદા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી ઝુલેલાલ ભગવાનના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિશાળ સંખ્યામાં ભક્તોએ ભંડારા પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી ઝુલેલાલ મંડળના સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### ૩ શખ્સો વિદેશી દારૂ

(પાના નં. ૪ થી આગળ)

ઓટો રિક્ષામાંથી દારૂની હેરાફેરી અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. પોલીસે સ્થળ પરથી કેતન ઉર્ફે ગોપી અમુભાઇ ગજરા અને મેહુલ ગોવિંદભાઇ રાઠોડને ઝડપી લીધા હતા. તેઓના રહેણાંક મકાન તથા ઓટો રિક્ષા (ત્રઉં ૧૦ ઝણ ૫૭૮૭) માંથી વિદેશી દારૂની ૬૦ બોટલ (કિંમત રૂ. ૭૭,૩૮૧), રિક્ષા અને મોબાઇલ મળી કુલ રૂ. ૧,૮૨,૩૮૧ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં સીટી 'સી' ડિવિઝન પોલીસ સર્વેલન્સ ટીમે સાંઢીયા પુલ પાસે, સરદારનગર શેરી નંબર ૮ માં રહેતા પરેશ ભીખાભાઇ સોનગ્રાના મકાન પર બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન આરોપીના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના અલગ-અલગ બ્રાન્ડના કુલ ૬૩ નંગ ચપલા (કિંમત રૂ. ૧૦,૨૧૮) મળી આવ્યા હતા. પોલીસે આરોપી પરેશ સોનગ્રાની સ્થળ પરથી અટકાયત કરી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો અને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ૭૦૫ કેસનું સમાધાન

(પાના નં. ૩ થી આગળ)

૭૦૫ કેસોમાં સંકળાયેલી રૂ. ૨૧૩.૧૩ લાખની રકમ સામે કુલ રૂ. ૧૪૧.૪૭ લાખમાં સમાધાન સધાયું હતું. જે પૈકી કુલ રૂ. ૭૫.૪૭ લાખની રોકડ વસૂલાત સ્થળ પર જ કરવામાં આવી હતી. લોક અદાલતના આ સફળ આયોજનના પરિણામે ડ્ઢ઼઼ઈક ની બાકી લેણી રકમની વસૂલાતમાં ઝડપી પ્રગતિ નોંધાઈ છે અને ગ્રાહકોમાં પણ સંતોષની લાગણી જોવા મળી હતી.

### ધોધમાર વરસાદ

(પાના નં. ૧ થી આગળ)

નોંધનીય છે કે, અગાઉ ૨૮ જુલાઈના રોજ પણ ખાડિયાની પખાલીની પોળમાં મકાન ધરાશાયી થવાની ઘટના બની હતી. આ સિવાય ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ પંથકમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. અરવલ્લીના ભિલોડા તાલુકાના મકરોડા, લીલછા અને નવા ભવનાથ વિસ્તારોમાં ધોધમાર વરસાદથી ઇડર-ભિલોડા હાઈવે પર પાણી ફરી વળ્યા હતા. પાટણના સાંતલપુર તાલુકાના ચોરાડ પંથકના કલ્યાણપુરા, રણમલપુરા અને બકુત્રા ગામોમાં વરસાદ વરસતાં મુરઝાતા પાકને જીવતદાન મળ્યું છે. સાથે જ કચ્છના રાપર, ભચાઉ અને નખત્રાણા પંથકમાં પણ લાંબા વિરામ બાદ ઝાપટાં પડતાં સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

### ગાલા ડિનર

(પાના નં. ૧ થી આગળ)

નવી દિલ્હી ખાતે ખાસ મુલાકાત કરી હતી. બંને નેતાઓએ મલેશિયાના વડાપ્રધાન સાથે નાસ્તા પર બેઠક યોજીને વિવિધ દ્વિપક્ષીય વિષયો પર ચર્ચા કરી હતી. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના વડાપ્રધાન વચ્ચે પણ ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો યોજાઈ હતી, જેમાં સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજો, સ્વચ્છ ઊર્જા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મહત્વકાંક્ષી ક્ષેત્રોમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મલેશિયાના વડાપ્રધાને દ્વિપક્ષીય બેઠક દરમિયાન ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૈશ્વિક લોકપ્રિયતા અને જનતામાં તેમની મજબૂત પકડના ભારે વખાણ કર્યા હતા. દિલ્હી મુલાકાત દરમિયાન મલેશિયાના વડાપ્રધાનનો એક અનોખો અને રસપ્રદ અંદાજ પણ સામે આવ્યો હતો. દિલ્હીની એક હોટેલમાં તેઓ બોલીવુડનું પ્રખ્યાત ગીત 'ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત' ગાતા નજરે પડ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો છે અને લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

### ખબરઅંતર પૂછ્યા

(પાના નં. ૧ થી આગળ)

કારણે જિનપિંગ અનુપસ્થિત રહ્યા હતા, જેને કોઈ રાજકીય અંતર સાથે સંબંધ ન હોવાનું સત્તાવાર સૂત્રોએ સ્પષ્ટ કર્યું હતું.

સમિટ દરમિયાન બંને નેતાઓ વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં પરસ્પર આદર અને સંવેદનશીલતાને સર્વોપરી રાખીને મતભેદોને વિવાદમાં ન ફેરવવાની મહત્વપૂર્ણ સમજૂતી સધાઈ હતી. આ બેઠક દરમિયાન પીએમ મોદીએ તમિલનાડુના પ્રખ્યાત રામનાથસ્વામી મંદિરના કોરિડોરની તસવીર બતાવીને જિનપિંગને તેની સ્થાપત્ય કળા વિશે માહિતગાર કર્યા હતા. ગાલવાન સંઘર્ષ પછીના તણાવપૂર્ણ માહોલ બાદ બંને દેશોના સર્વોચ્ચ નેતાઓએ ઉષ્માભેર હાથ મિલાવીને ભૂતકાળની કડવાશ ભૂલી આર્થિક અને વ્યૂહાત્મક સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.

આગામી સમયમાં ભારત અને ચીન વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીતના આ દોરથી સરહદી વિવાદોના કાયમી ઉકેલ અને દ્વિપક્ષીય વેપારને વેગ મળે તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. બ્રિક્સ મંચ પરથી બંને દેશોના સર્વોચ્ચ નેતાઓ દ્વારા દર્શાવવામાં આવેલી આ પરિપક્વતા વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે પણ ખૂબ જ હકારાત્મક સંકેત છે. દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવા માટે આ બેઠક એક મોટી રાજદ્વારી સફળતા સમાન સાબિત થઈ છે, જે ભવિષ્યમાં સમગ્ર એશિયા ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવામાં મદદરૂપ બનશે.

### માઉન્ટ યુનામ સર

(પાના નં. ૧ થી આગળ)

થીજવતી ઠંડી, ઓક્સિજનનું અત્યંત ઓછું પ્રમાણ અને ઊંચાઈના કારણે થતી શારીરિક મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાની મજબૂત ઈચ્છાશક્તિ અને અદમ્ય સાહસનો પરિચય આપ્યો હતો. આ ઐતિહાસિક સફળતા બાદ વિહાને પોતાની આ સિદ્ધિ ગઈખજઉઅંઈ ને સમર્પિત કરી હતી અને બરફીલી ઊંચાઈઓ પર ગર્વપૂર્વક ભારતનો તિરંગો તેમજ જય જય ગરવી ગુજરાત નું બેનર લહેરાવી દેશની શાન વધારી હતી. વિહાનના માતા-પિતા ડો. ઉમેદ ચેતરિયા અને દક્ષા ચેતરિયાએ જણાવ્યું હતું કે વિહાનને બાળપણથી જ પ્રકૃતિ અને ટ્રેકિંગમાં ખાસ રસ છે.

# જામનગર: નવાગામની સીમમાં ખાનગી કંપનીના સબસ્ટેશનમાંથી ૨.૦૬ લાખની તસ્કરી: તસ્કરો ધાતુની પ્લેટ, કલેમ્પ સહિતનો સામાન લઈ ફરાર

**સમય સંદેશ: જામનગર**

જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશન હેઠળ આવતા નવાગામની સીમમાં આવેલી એક ખાનગી કંપનીની ગ્લાસ ફેક્ટરીને તસ્કરોએ નિશાન બનાવી છે. ગ્લાસ ફેક્ટરીના સબસ્ટેશન-૩ માંથી અજાણ્યા તસ્કરો રૂ. ૨.૦૬ લાખની કિંમતનો વિજ-વાયરિંગ તથા ફેક્ટરી ઉપયોગી સામાન ચોરી કરીને ફરાર થઈ ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે. ચોરી થયેલા સામાનમાં ધાતુની ૧૦ પ્લેટ, ૩૦ નંગ એસ.એસ.યુ. ક્લેમ્પ, ૩૦ નંગ એસ.એસ.એમ. ગ્લાન્ડ અને ૮ નંગ બજાજ હાઈબે લાઈટનો સમાવેશ થાય છે. આ ચોરીના બનાવ અંગે કંપનીના કર્મચારી શિવમકુમાર સિંહ પ્રભાષ સિંહ રાજપુત દ્વારા મેઘપર (પડાણા) પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે બી.એન.એસ. (ભારતીય ન્યાય સંહિતા) ની કલમ ૩૦૫(એ) હેઠળ ગુનો નોંધી ઘટનાસ્થળની તપાસ હાથ ધરી છે. ફેક્ટરીમાંથી સામાન ઉઠાવી જનાર અજાણ્યા તસ્કરોનું સુરાગ મેળવવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચાલિયા સાહેબના ૪૦ દિવસીય વ્રત-અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે જામનગરમાં યોજાઈ ભવ્ય મટકી યાત્રા




**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સિંધી સમાજના ઇષ્ટદેવ પૂજ્ય શ્રી ઝુલેલાલ ભગવાનની આરાધનાના પવિત્ર 'ચાલિયા સાહેબ'ના ૪૦ દિવસીય વ્રત-અનુષ્ઠાનની શ્રદ્ધા અને ધાર્મિક પરંપરા સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી છે. આ પવિત્ર પ્રસંગે તીન બત્તી વિસ્તારમાં આવેલા શ્રી ઝુલેલાલ મંદિર દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભવ્ય મટકી યાત્રા તેમજ મહાપ્રસાદ (ભંડારા)નું આયોજન કરવામાં આવ્યું હતું. વ્રત દરમિયાન શ્રદ્ધાળુઓએ ઘરમાં મટકી સાહેબની સ્થાપના કરી ૪૦ દિવસ સુધી નિયમિત પૂજન-અર્ચન, દીપ પ્રાગટ્ય અને ભજન-કીર્તન સાથે કૌટુંબિક સુખ-શાંતિ અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

પૂર્ણાહુતિના દિવસે ઘેર-ઘેર પૂજાયેલી મટકી સાહેબને એકત્રિત કરી તીન બત્તી સ્થિત શ્રી ઝુલેલાલ મંદિર ખાતેથી ભવ્ય મટકી યાત્રા યોજવામાં આવી હતી. આ યાત્રા અનુપમ ટોકીઝ, ટાઉનહોલ, લાલ બંગલો થઈ ખઈત્રદ્ધકોલોની સુધી પહોંચી હતી, જ્યાં ધાર્મિક વિધિપૂર્વક મટકી સાહેબનું જળમાં પધરામણ (પરવાન) કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન ''જય ઝુલેલાલ'' ના જયઘોષ અને ગરબા-ભજનો સાથે સમગ્ર માર્ગ ભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે સાંજે મંદિર પરિસરમાં પંજડા, આરતી, આખ્ખો સાહેબ અને પલ્લવ સાહેબ સહિતના વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો હાથ ધરાયા હતા. સિંધી સમાજની આ વર્ષો જૂની સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાને ઉજાગર કરતી મટકી યાત્રામાં મહિલાઓ,

અનુ પાના નં.૨ પર

## પ્રાસંગિકઃ આજે ગણેશોત્સવ

# શિવ મહા પુરાણમાં વર્ણવાયેલી ગણેશજીના પ્રાગટ્યની દિવ્ય કથા

### શિરચ્છેદથી પુનજીર્વન સુધીની અદભૂત લીલા અને પ્રથમ પૂજ્ય બનવાનું રહસ્ય




શિવમહાપુરાણની રૂદ્રસંહિતા અંતર્ગત આવેલા કુમારખંડમાં વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીના પ્રાગટ્યની અત્યંત પાવન અને રોમાંચક કથા વર્ણવવામાં આવી છે. પુરાણોમાં કલ્પભેદ પ્રમાણે ગણેશજીના જન્મની વિવિધ કથાઓ જોવા મળે છે, પરંતુ વર્તમાન શ્વેતવરાહ કલ્પમાં ભગવાન શિવ અને માતા પાર્વતીની દિવ્ય લીલા દ્વારા ગણેશજીનું પ્રાગટ્ય, તેમનો શિરચ્છેદ અને પુનજીર્વન કેવી રીતે થયું તેનું અધ્યાત્મસભર વર્ણન મળે છે. આ કથા માત્ર એક દેવતાના જન્મની નથી, પરંતુ માતૃભક્તિ, કર્તવ્યનિષ્ઠા, બુદ્ધિ, શક્તિ અને ભગવાનની કૃપાનો અદભૂત સંદેશ આપે છે.

ભગવાન શંકર અને માતા પાર્વતી કૈલાસ પર વિરાજમાન હતા ત્યારે એક દિવસ માતા પાર્વતી પોતાની સખીઓ જયા અને વિજયા સાથે ચર્ચા કરી રહ્યાં હતાં. સખીઓએ માતાને જણાવ્યું કે નંદી, ભૃંગી, મહાકાળ સહિતના તમામ શિવગણો ભગવાન શિવની આજ્ઞાનું પાલન કરે છે. માતા પાર્વતીની પોતાની આજ્ઞાનું સ્વતંત્રપણે પાલન કરનાર કોઈ ગણ નથી. આ વિચાર માતા પાર્વતીને યોગ્ય લાગ્યો. એક દિવસ સ્નાન કરવા જતાં તેમણે પોતાના શરીરના દિવ્ય ઉબટનમાંથી એક સુંદર, બળવાન અને પરાક્રમી બાળકની રચના કરી. તેમાં પ્રાણ પૂરીને તેને પોતાનો પુત્ર બનાવ્યો અને હાથમાં દંડ આપીને પોતાની આજ્ઞા વગર કોઈને પણ અંદર પ્રવેશ ન આપવા કહ્યું.

બાળ ગણેશ માતાની આજ્ઞાનું પાલન કરવા દ્વાર પર ઊભા રહ્યા. એ જ સમયે ભગવાન શિવ કૈલાસના ભવનમાં પરત ફર્યા. ગણેશજી પોતાના પિતા શિવજીના સ્વરૂપથી અજાણ હતા. તેમણે શિવજીને રોકીને સ્પષ્ટ કહ્યું કે માતાની મંજૂરી વગર કોઈ અંદર જઈ શકે નહીં. ભગવાન શિવે પોતાનો પરિચય આપ્યો અને સમજાવ્યું કે આ તેમનું જ ઘર છે, પરંતુ ગણેશજી માતાના આદેશથી જરા પણ ડગ્યા નહીં. પરિણામે બંને વચ્ચે વિવાદ થયો અને બાળ ગણેશે દંડ વડે શિવજીનો માર્ગ રોક્યો. શિવજીએ પોતાના ગણોને મોકલીને બાળકને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગણેશજી પોતાની માતૃભક્તિ અને કર્તવ્ય પર અડગ રહ્યા.

નંદી, ભૃંગી અને અન્ય શિવગણોએ ગણેશજીને હટી જવા કહ્યું, પરંતુ ગણેશજીએ તેમને યુદ્ધમાં પરાસ્ત કરી દીધા. આ સમાચાર મળતાં ભગવાન શિવે ઇન્દ્રાદિ દેવતાઓ, પોતાના પાર્ષદો, ભૂત-પ્રેત અને અન્ય શક્તિઓને પણ મોકલ્યાં. બ્રહ્માજી શાંતિનો સંદેશ લઈને પહોંચ્યા, પરંતુ ગણેશજીના પ્રચંડ પરાક્રમ સામે પરિસ્થિતિ વધુ ગંભીર બની. માતા પાર્વતીએ પોતાના પુત્રની સહાયતા માટે બે ભયંકર શક્તિઓ ઉત્પન્ન કરી, જેઓ દેવતાઓના અસ્ત્ર-શસ્ત્રોને ગળી જતી હતી. અંતે ભગવાન વિષ્ણુએ પોતાની માયાથી ગણેશજીનું ધ્યાન ભંગ કર્યું અને આ તકનો લાભ લઈને ભગવાન શિવે પોતાના ત્રિશૂળના પ્રહારથી ગણેશજીનું મસ્તક છેદી નાખ્યું.

પુત્રનો શિરચ્છેદ થયેલો જોઈ માતા પાર્વતી અત્યંત ક્રોધિત બન્યાં. તેમણે અસંખ્ય શક્તિઓને પ્રગટ કરી અને સમગ્ર સૃષ્ટિમાં સંહારની સ્થિતિ સર્જાઈ. દેવતાઓ, ઋષિઓ અને ત્રિલોકના તમામ પ્રાણીઓ ભયભીત થઈ ગયા. દેવર્ષિ નારદ સહિત ઋષિઓએ માતા પાર્વતીની સ્તુતિ કરી અને તેમને શાંત થવા વિનંતી કરી. માતાએ શરત મૂકી કે તેમના પુત્રને તરત જ પુનજીવિત કરવામાં આવે અને તેને સમસ્ત દેવતાઓમાં પ્રથમ પૂજ્ય તથા ગણોના અધ્યક્ષનો દરજ્જો આપવામાં આવે. દેવતાઓએ આ શરત સ્વીકારી, ત્યારબાદ ભગવાન શિવે ગણેશજીને પુનજીવિત કરવાનો આદેશ આપ્યો. ભગવાન શિવના આદેશથી શિવગણો ઉત્તર દિશામાં ગયા અને જે પ્રાણીનું મસ્તક યોગ્ય રીતે મળી શકે તે શોધવા લાગ્યા. તેમને એક દિવ્ય હાથી મળ્યો. હાથીનું મસ્તક લાવીને ગણેશજીના ધડ પર સ્થાપિત કરવામાં આવ્યું. ભગવાન શિવ, બ્રહ્માજી અને વિષ્ણુજીએ મંત્રોચ્ચાર કરીને તેમાં દિવ્ય તેજ પ્રવિષ્ટ કર્યું અને ગણેશજી ફરી સજીવન થઈ ઊઠ્યા. ભગવાન શિવે તેમને પોતાના તમામ ગણોના સ્વામી બનાવી 'ગણેશ' અને 'ગણાધ્યક્ષ' નામ આપ્યાં. ભાદ્રપદ સુદ ચોથના દિવસે તેમનું પ્રાગટ્ય થયું હોવાનું જણાવતાં શિવજીએ આશીર્વાદ આપ્યો કે આ દિવસે વ્રત-પૂજન કરનાર ભક્તોના વિઘ્નો દૂર થશે અને મનોકામનાઓ પૂર્ણ થશે.

સમય જતાં ગણેશજી અને કાર્તિકેયજી યુવાન થયા. બંનેના વિવાહનો પ્રસંગ આવ્યો ત્યારે પ્રથમ લગ્ન કોના થાય તે અંગે સ્પર્ધા થઈ. માતા-પિતાએ શરત મૂકી કે જે સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સૌપ્રથમ પરત ફરશે તેનો વિવાહ પહેલાં કરવામાં આવશે. કાર્તિકેયજી મયૂર પર સવાર થઈ પૃથ્વી પરિક્રમા માટે નીકળી પડ્યા, જ્યારે ગણેશજીએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો. તેમણે ભગવાન શિવ અને માતા પાર્વતીને એક આસન પર બેસાડ્યા, તેમની પૂજા કરી અને સાત પ્રદક્ષિણા કરી. તેમણે સમજાવ્યું કે માતા-પિતા જ સમગ્ર જગત અને સમસ્ત તીર્થોના સમાન છે. તેમની આ બુદ્ધિ અને માતા-પિતૃભક્તિથી પ્રસન્ન થઈ શિવ-પાર્વતીએ સિદ્ધિ અને બુદ્ધિ સાથે ગણેશજીના વિવાહ કરાવ્યા. આ કથા આપણને શીખવે છે કે શક્તિ સાથે બુદ્ધિ અને ભક્તિ જોડાય ત્યારે જ સાચી સફળતા પ્રાપ્ત થાય છે.

# જામનગરમાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાના હસ્તે રૂ. 30 લાખના ખર્ચે નિર્મિત 'વીર મહારાણા પ્રતાપ લાઈબ્રેરી'નું લોકાર્પણ

### સેવા સંકલ્પ અંતર્ગત વિવિધ વિકાસકામોનું ઉદ્ઘાટનઃ વિદ્યાર્થીઓને વાંચન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે મળશે અનુકૂળ વાતાવરણ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વોર્ડ નંબર ૨ ના મચ્છરનગર વિસ્તારમાં રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના હસ્તે રૂ. 30 લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ 'વીર મહારાણા પ્રતાપ લાઇબ્રેરી કમ રીડિંગ રૂમ'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ લાઇબ્રેરીની સુવિધાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ લાઇબ્રેરી શરૂ કરવાનો મુખ્ય હેતુ સ્થાનિક વિસ્તારના યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારોને શાંત તથા ગુણવત્તાસભર વાતાવરણ પૂરું પાડી વાંચન સંસ્કૃતિને વધુ મજબૂત કરવાનો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા સેવા સંકલ્પ અંતર્ગત આ પ્રસંગે ૨૨ જેટલા વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સ સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં વોર્ડ નંબર ૪ અને ૬ માં નવી લાઇબ્રેરીઓનું ખાતમુહૂર્ત તથા રૂ. ૧૫ કરોડના ખર્ચે જામનગર જિલ્લાની વિવિધ શાળાઓનું લોકાર્પણ શામેલ છે. આ સાથે જ મહિલા અને બાળ કલ્યાણ યોજના હેઠળ 300 ગંગાસ્વરૂપા બહેનોને રાશન કિટ, ૨૦૦થી વધુ સગર્ભા માતાઓને પૌષ્ટિક આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા ગૃહ ઉદ્યોગની સ્થાપના પણ કરવામાં આવી હતી.

આ સમારોહમાં રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓ અને ૧૦૦ ટકા પરિણામ લાવનાર શિક્ષકો તથા શાળાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહંત દેવપ્રસાદ મહારાજ, સ્વામી ચત્રભુજદાસજી, મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જિલ્લા વિકાસ અધિકારી નિશા, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા સહિતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ આ તકે સંગઠનના કાર્યકર્તાઓ અને નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દ્વારકાના કલ્યાણપુરમાં જીવને હથેળીમાં રાખી મગરોનું રેસ્ક્યૂ

### પટેલકાના કૂવામાં ખાબકેલા બે અને ગોરાણામાં એક એમ ત્રણેયને બચાવાયા, માનવ વસાહતથી દૂર કુદરતી વાતાવરણમાં છોડાયાઃ સલામત રીતે પકડી કુદરતી વાતાવરણમાં મુક્ત કર્યા



**સમય સંદેશઃ દ્વારકા**

જામનગર શહેર પોલીસ દ્વારા પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સામે ઝુંબેશ ચલાવી સીટી 'એ' અને 'સી' ડિવિઝન પોલીસે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી વિદેશી દારૂના જથ્થા સાથે કુલ ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે.

પ્રથમ દરોડામાં સીટી 'એ' ડિવિઝન પોલીસે દિગ્વિજય પ્લોટ શેરી નં. ૨ માં આવેલ સહયોગ રેફ્રિજરેટર પાસે ઓટો રિક્ષામાંથી દારૂની હેરાફેરી અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. પોલીસે સ્થળ પરથી કેતન ઉર્ફે ગોપી અમુભાઇ ગજરા અને મેહુલ ગોવિંદભાઇ રાઠોડને ઝડપી લીધા હતા.

તેઓના રહેણાંક મકાન તથા ઓટો રિક્ષા (જીજેઉં ૧૦ ઝણ ૫૭૮૭) માંથી વિદેશી દારૂની ૬૦ બોટલ (કિંમત રૂ. ૭૭,૩૮૧), રિક્ષા અને મોબાઇલ મળી કુલ રૂ. ૧,૮૨, ૩૮૧ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં સીટી 'સી' ડિવિઝન પોલીસ સર્વેલન્સ ટીમે સાંઢીયા પુલ પાસે, સરદારનગર શેરી નંબર ૮ માં રહેતા પરેશ ભીખાભાઇ સોનગ્રાના મકાન પર બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન આરોપીના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના અલગ-અલગ બ્રાન્ડના કુલ ૬૩ નંગ ચપલા (કિંમત રૂ. ૧૦,૨૧૮) મળી આવ્યા હતા. પોલીસે આરોપી પરેશ સોનગ્રાની સ્થળ પરથી અટકાયત કરી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો અને ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં PGVCLની લોક અદાલતમાં ૭૦૫ કેસનું સમાધાન

### વીજ લેણાં પેટે સ્થળ પર જ રૂ. ૭૫.૪૭ લાખની વસૂલાત; પ્રી-લિટિગેશન અને લિટિગેશન કેસોનું સફળતાપૂર્વક સમાધાન






**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની જામનગર સર્કલ કચેરી દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં વીજ બિલ અને વીજ વસૂલાતને લગતા કુલ ૭૦૫ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. પરસ્પર સંમતિ અને મધ્યસ્થતાથી હાથ ધરાયેલી આ ઝુંબેશમાં કરોડો રૂપિયાના વીજ લેણાંના પ્રશ્નોનો સુખદ અંત આવ્યો હતો. આ આયોજનના કારણે વીજ ગ્રાહકોને લાંબી અને ખર્ચાળ કોર્ટ કાર્યવાહીમાંથી મોટી રાહત મળી છે.

આ લોક અદાલતમાં કુલ ૬૬૫ પ્રી-લિટિગેશન કેસો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ. ૧૮૨.૩૩ લાખની રકમ સંકળાયેલી હતી. વીજ કંપનીના અધિકારીઓ અને ગ્રાહકો વચ્ચેની ચર્ચા-વિચારણા બાદ રૂ. ૧૧૭.૭૮ લાખની રકમમાં સમાધાન સધાયું હતું અને રૂ. ૬૧.૭૬ લાખની વસૂલાત રોકડેથી સ્થળ પર જ કરવામાં આવી હતી. આ સિવાય વિવિધ અદાલતોમાં પેન્ડિંગ હોય તેવા ૪૦ લિટિગેશન કેસો પણ હાથ ધરવામાં આવ્યા હતા. રૂ. ૩૦.૮૦ લાખની કુલ રકમ ધરાવતા આ કેસો પૈકી રૂ. ૨૩.૬૯ લાખમાં આખરી આંતરિક સમાધાન થયું હતું અને રૂ. ૧૩.૭૧ લાખની રકમ સ્થળ પર વસૂલ કરાઈ હતી.

સમગ્ર જામનગર સર્કલ હેઠળ યોજાયેલી આ લોક અદાલતમાં કુલ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં મહાવીર ભગવાનના જન્મ કલ્યાણ નિમિત્તે દર્શનનો લાભઃ પર્યુષણ પર્વના પાંચમા દિવસે મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉમટ્યા




જામનગરમાં જૈન ધર્મના મહાન પર્વ પર્યુષણના પાંચમા દિવસે ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે શહેરના ઐતિહાસિક પેલેસ જૈન દેરાસર ખાતે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનના દિવ્ય દર્શન, પૂજન તેમજ ભક્તિ ભાવનાનો લાભ લેવા માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ મહાવીર પ્રભુના જયઘોષથી ગુંજી ઊઠ્યું હતું.

# હિમાલયની ઝડપથી પીગળતી હિમનદીઓ ભારતીય ઉપખંડમાં હાહાકાર મચાવી દેશે

## વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે વિશ્વના કોઈપણ સ્થળના ગ્લેશિયરની સરખામણીએ હિમાલયના ગ્લેશિયર વધુ ઝડપથી ઓગળી રહ્યા છે

હિ માલયની કોઈપણ તસવીર ઉઠાવીને જુઓ તો સફેદ બરફાચ્છાદિત પર્વતોના શિખરો જોવા મળે. બારેમાસ જ્યાં શ્વેત બરફની ચાદર છવાયેલી જોવા મળે એ નગાધિરાજ હિમાલયની હવે બુરી દશા થવા બેઠી છે. કારણ આપવામાં આવે છે તાપમાનમાં થયેલો વધારો. કાર્બન એમિશન્સ અને ગ્રીન હાઉસ ગેસ વધવાને કારણે નાના-મોટા કેટલાંય શિખરો બરફનું આવરણ ઝડપથી ગુમાવી રહ્યાં છે.

કોઈને એવો પ્રશ્ન થાય કે આપણાથી દૂર આવેલા હિમાલયમાં થોડો ઘણો બરફ ઓગળે તો એમાં કયો મોટો પહાડ તૂટી પડવાનો હતો? તો જવાબ એ છે કે હિમાલયની હિમશીલાઓ, હિમનદીઓ જે રીતે ઝડપથી પીગળી રહી છે એ માત્ર ભારત જ નહીં, ચીન, તિબેટ, નેપાળ, બાંગલાદેશ, મ્યાનમાર અને પાકિસ્તાન માટે પણ પ્રલયનો સંકેત આપી રહી છે.

વિવિધ પ્રકારની માનવ પ્રવૃત્તિના કારણે વધતા પ્રદૂષણની પૃથ્વી પર કેટલી વિપરીત અસર થઈ શકે છે એની વધુ એક બિહામણી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો તાત્કાલિક અને નોંધપાત્ર રીતે પ્રદૂષણ ઘટાડવામાં નહીં આવે તો દુનિયામાં સૌથી ઊંચી પર્વતમાળાઓ ધરાવતા તેમ જ ધ્રુવિય પ્રદેશોને બાદ કરતાં પૃથ્વી પર સૌથી વધુ પ્રમાણમાં બરફ ધરાવતા હિન્દુ કુશ હિમાલયન પ્રદેશ વર્ષ ૨૧૦૦ સુધીમાં એનાં ૮૦ ટકા ગ્લેસિયર્સ (હિમનદી)ને ગુમાવી શકે છે.

કાઠમાંડુ સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટના સંશોધકો દ્વારા આ સ્ટડી કરવામાં આવ્યો હતો. આ સ્ટડીનાં તારણો અનુસાર આ ગ્લેસિયર્સે ૨૦૦૦-૨૦૦૯ની સરખામણીમાં ૨૦૧૦-૨૦૧૯ દરમ્યાન ૬૫ ટકા વધુ ઝડપથી બરફ ગુમાવ્યો છે. એટલે કે ગ્લેસિયર્સ પીગળવાનું પ્રમાણ ચિંતાજનક છે.

હિન્દુ કુશ હિમાલયન રિજનના ગ્લેસિયર્સ અને બરફથી ઢંકાયેલા પર્વતો ૧૨ નદીઓ માટે પાણીનો મહત્વનો સોર્સ છે અને આ નદીઓ આ પ્રદેશમાં રહેતા ૨૪ કરોડ લોકોને અને હેઠવાસમાં રહેતા બીજા ૧.૬૫ અબજ લોકોને તાજું



પાણી પૂરું પાડે છે. આ સંશોધકોએ ચેતવણી આપી છે કે માનવ પ્રવૃત્તિના લીધે સર્જાયેલી કલાઈમેટ ચેન્જની આફતના કારણે ગ્લેસિયર્સ ઝડપથી પીગળી રહ્યાં છે ત્યારે એના લીધે ઓચિંતા ભયાનક પૂર અને બરફ ધસી પડવાની સમસ્યાઓના કારણે લગભગ બે અબજ લોકોના જીવન અને આજીવિકા પર અસર થઈ શકે છે. જેના લીધે પાકને નુકસાન થશે, જમીનનો ઉપયોગ બદલાઈ જશે, પાકમાં એકંદર ઘટાડો થશે અને પશુપાલનને પણ અસર થશે. હિન્દુ કુશ હિમાલયન રિજન ૪૨ લાખ ચોરસ કિલોમીટરનો એરિયા છે, જે માઉન્ટ એવરેસ્ટ જેવી દુનિયાની સૌથી ઊંચી પર્વતમાળાઓ ધરાવે છે.

**સમય સંદેશ સ્પેશિયલ**

પશ્ચિમમાં અફઘાનિસ્તાન અને પૂર્વમાં મ્યાનમાર સુધી એની લંબાઈ ૩૫૦૦ કિલોમીટર છે અને એ પાકિસ્તાન, ભારત, ચીન, નેપાલ, ભૂતાન અને બંગલાદેશના ભાગોને કવર કરે છે. આ રિજનમાં વૈવિધ્યસભર વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ છે. જળવાયુ પરીવર્તનના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી હિમાલયના ગ્લેશિયર ઝડપથી પીગળી રહયા છે. તેના કારણે ભારત,નેપાળ અને પાકિસ્તાનની પાણી વિતરણ સિસ્ટમ પર અસર થાય તેવી શકયતા છે. ઓહાયો સ્ટેટ યૂનિવર્સિટીના સંશોધકોના જણાવ્યા મુજબ જળવાયુ પરીવર્તનના કારણે એન્ડિઝ માઉન્ટેન અને હિમાલયમાં વસેલા તિબેટના સપાટ પ્રદેશને વધુ અસર થવાની શકયતા છે.

ઓહાયો સ્ટેટ યૂનિવર્સિટીના પર્યાવરણવાદી પ્રોફેસર લોની થોમસનના તારણ મુજબ ગ્લોબલ વોર્મિંગની જો આ સ્થિતિ ચાલુ રહી તો વર્ષ ૨૧૦૦ સુધીમાં વિશ્વમાં અડધો હિમ વિસ્તાર ગાયબ થઈ જશે. તેના પ્રભાવ હેઠળ બે તૃતિયાંશ ભાગનો વિનાશ થશે. પીવાની પાણીના સ્રોત ઘટતા જાય છે જયારે તેની સામે માંગ સતત વધી રહી છે. હિમાલયન જ નહી દક્ષિણ અમેરિકા ખંડના પેરુ દેશમાં ગ્લેશિયર ખેતી, પશુપાલન અને લોકો માટે જીવન જીવવાનો મુખ્ય સ્રોત છે. ૨૦૧૬થી તિબેટમાં ભારત અને ચીન દ્વારા ચાલતા સંશોધનમાં પણ જાણવા મળ્યું હતું કે હિમાલયન ક્ષેત્રમાં સેંકડો હિમ નદીઓ પીવાના પાણીનો મુખ્ય સ્રોત છે. આ સેંકડો જળ પ્રવાહ ભુટાન, ભારત, ચીન અને નેપાળને પાણી પહોંચાડે છે. પૃથ્વી પર ઉત્તર અને દક્ષિણ એમ બે ધ્રુવો છે પરંતુ આંતર રાષ્ટ્રીય સંશોધકો તિબેટની વિશિષ્ટતાના કારણે પૃથ્વી પરનું ત્રીજુ ધ્રુવ માને છે. આ ત્રીજા ધ્રુવ પર પાણીનું સંકટ જોવા મળે તેવા સંજોગોમાં જીવસૃષ્ટિ માટે ટકવું મુશ્કેલ બની જશે.

બીજી તરફ ગુજરાતના ગાંધીનગરમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીના સંશાધકોએ કરેલાં અભ્યાસમાં જણાયું છે કે તેરસો વર્ષના રેકોર્ડમાં ગંગા નદી છેલ્લા ત્રણ દાયકામાં અભૂતપૂર્વ રીતે સૂકાઈ રહી હોવાથી તેના તટ પ્રદેશમાં રહેતાં લાખો લોકોની જળ અને અન્ન સુરક્ષા જોખમાઈ રહી છે. ૧૯૯૧થી ૨૦૨૦ના સમયગાળામાં ગંગા જે રીતે સૂકાઈ છે તે છેલ્લા ૧૦૦૦ વર્ષના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. સંશોધકોએ ઉમેર્યું હતું કે જળવાયુપરિવર્તનને કારણે વરસાદ વધવાની ધારણાં હોવા છતાં ભારતીય મહાસાગર ઝડપથી હુંફાળો થઈ જતાં અને ઉપખંડમાં પ્રમાણમાં ઓછું ગરમ વાતાવરણ પ્રવર્તવાના પરિણામે ઉત્તર ભારતમાં ચોમાસું નબળું પડી ગયું છે. તેમાં પણ વરસાદ ઓછો પડવાથી ભૂગર્ભ જળસ્રોતો પણ સૂકાઈ રહ્યા હોવાથી તથા સિંચાઈના સ્રોતો ઝડપથી ઘટી રહ્યા હોઈ તેના કારણે પણ ગંગાના સૂકાવા પર અસર પડી રહી છે.

એવી જ રીતે છેલ્લા ૬૦ વર્ષ કરતાં વધુ સમયથી તિબેટીયન પ્લેટુ પર હિમશિખરો લગભગ ૨૪ ટકા જેટલા ઘટી ગયા છે. આ વિસ્તારમાં અંદાજે ૭,૦૦૦ નાના હિમશિખરો અદ્રશ્ય થઈ ગયા છે. આથી તિબેટીયન પઠારમાં હિમશિખરોની માળખાકીય સ્થિરતા જોખમી બની છે, જેને કારણે હિમશિખરો તૂટવાની અને તેના કારણે વારંવાર હોનારતો થવાની સંભાવના વધી છે. ભારત, જર્મની અને લીપઝિગ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ત્રણ વર્ષ પૂર્વે કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હિમાલયની આબોહવા ગરમ થવા પાછળ પચાસ ટકાથી વધુ જવાબદારી એરોસોલની છે. પરિણામે ગ્લેશિયરો ઝડપથી પીગળી રહ્યા છે અને હિન્દુ કુશ-હિમાલય-

અનુ પાના નં.૨ પર

# મણિનગર પોલીસ સ્ટેશનના ગંભીર ગુનામાં જામીન બાદ કોર્ટમાં હાજર ન થતાં ફરાર આરોપી માધવપુરમાંથી ઝડપાયો



**સમય સંદેશઃ પોરબંદર (સુભાષ માવદિયા દ્વારા)**

અમદાવાદ શહેરના મણિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ખૂનની કોશિશ, રાયોટિંગ તથા હથિયારધારા સહિતના ગંભીર ગુનામાં આરોપી સામે કોર્ટની કાર્યવાહી ચાલી રહી હતી. જામીન પર મુક્ત થયા બાદ આરોપી કોર્ટમાં હાજર ન રહેતા તેની સામે ઇગજ્જ કલમ-૭૨ હેઠળ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

આ ફરાર આરોપીની શોધખોળ દરમિયાન જૂનાગઢ રેન્જ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે માધવપુર વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી. આધુનિક ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઇન્ટેલિજન્સના સંયુક્ત પ્રયાસોથી આરોપી રમેશલાલ ઉર્ફે મસાલિયો, રહે. માધવપુર હોવાની માહિતી મળતા પોલીસ ટીમે કાર્યવાહી કરી તેને ઝડપી પાડ્યો હતો.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, આરોપી અમદાવાદના મણિનગર પોલીસ સ્ટેશનના ગંભીર ગુનામાં સંડોવાયેલો હતો અને કોર્ટની કાર્યવાહી દરમિયાન હાજર ન રહેતા ફરાર હતો. જૂનાગઢ રેન્જ પોલીસની ટીમે માધવપુરમાંથી આરોપીને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત પોલીસને સોંપ્યો છે. આ કામગીરીમાં જૂનાગઢ રેન્જના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિકારીઓ તથા સ્ટાફે મહત્વની ભૂમિકા ભજવી હતી.


# મુખ્ય બજારમાં બનાવથી અફડાતફડીઃસુરજકરાડીની મુખ્ય બજારમાં ઈ-બાઈકમાં આગથી દોડધામ

**સમય સંદેશઃ સૂરજકરાડી**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુરજકરાડી ખાતે આવેલી કૃષ્ણા એન્ટરપ્રાઇઝ દુકાન પાસે પાર્ક કરેલી ઇલેક્ટ્રિક બાઇકમાં કોઈ કારણોસર અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતાં આસપાસના વિસ્તારમાં થોડા

અનુ પાના નં.૨ પર

# મેઘપર પોલીસ સ્ટેશનનું ઇન્સ્પેકશન કર્યુંઃજામનગર SP રવિમોહન સૈનીએ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેકશન કર્યું



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક રવિમોહન સૈની દ્વારા મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનનું વર્ષ ૨૦૨૬નું વાર્ષિક નિરીક્ષણ (ઇન્સ્પેક્શન) કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક નિરીક્ષણ દરમિયાન જિલ્લા પોલીસ વડાએ પોલીસ સ્ટેશનના સમગ્ર વહીવટી અને કામગીરીના માળખાની વિગતવાર માહિતી મેળવીને વિવિધ તબક્કાવાર સમીક્ષા હાથ ધરી હતી.

નિરીક્ષણની કામગીરી અંતર્ગત પોલીસ સ્ટેશન ખાતે નિભાવવામાં આવતા દફતરી રેકોર્ડ, પડતર ગુનાઓની તપાસ, કાયદો અને વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ પોલીસ સ્ટેશનની આંતરિક કામગીરીની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિસ્તારમાં ગુનાખોરી નિયંત્રણમાં રહે અને કાયદાનું પાલન સુચારુ રીતે થાય તે દિશામાં કરવામાં આવી રહેલી

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં દારૂના બે અલગ-અલગ દરોડામાં ૩ શખ્સો વિદેશી દારૂના જથ્થા સાથે ઝબ્બેઃ રૂ. ૧.૯૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

## સીટી 'એ' અને 'સી' ડિવિઝન પોલીસની કાર્યવાહીઃ રિક્ષા અને મકાનમાંથી વિદેશી દારૂની બોટલો તથા ચપલા કબજે કરાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર પોલીસ દ્વારા પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સામે ઝુંબેશ ચલાવી સીટી 'એ' અને 'સી' ડિવિઝન પોલીસે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી વિદેશી દારૂના જથ્થા સાથે કુલ ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે. પ્રથમ દરોડામાં સીટી 'એ' ડિવિઝન પોલીસે દિગ્વિજય પ્લોટ શેરી નં. ૨ માં આવેલ સહયોગ રેફ્રિજરેટર પાસે

અનુ પાના નં.૨ પર

# જામજોધપુરના માંડાસણ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન પાછળથી રૂ. ૧.૪૮ લાખના મુદ્દામાલ સાથે ૪ જુગારીઓ ઝડપાયા

## શેઠવડાળા પોલીસ ટીમની સફળ કામગીરીઃ રોકડ રકમ રૂ. ૧.૪૨ લાખ અને ૨ મોબાઈલ ફોન કબજે કરાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના માંડાસણ ગામ ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશનની પાછળ આવેલ સરકારી ખરાબાની ઝાડી-ઝાંકરામાં જાહેરમાં જુગાર રમી રહેલા ચાર ઇસમોને શેઠવડાળા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧,૪૮,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે જિલ્લા પોલીસ વડાની સૂચના અન્વયે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન પોલીસ ટીમને આ અંગે ચોક્કસ બાતમી મળી હતી.

બાતમીના આધારે શેઠવડાળા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.બી. સોલંકીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી ગંજીપત્તા વડે 'તીનપત્તી રોન' નામનો જુગાર રમતા ચાર શખ્સોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે ગંજીપત્તાના પાના, રૂ. ૧,૪૨,૫૦૦ ની રોકડ રકમ તેમજ રૂ. ૬,૦૦૦ ની



કિંમતના ૨ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૪૮,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ દરોડામાં પકડાયેલા આરોપીઓમાં ઇરફાન રાણાભાઇ સમા (રહે. ચોરબેડી, તા. લાલપુર), જખરાભાઇ હાથીયાભાઇ ખુટી, રણમલભાઇ લાખાભાઇ ઓડેદરા (બંને રહે. છત્રાવડ, તા. કુતિયાણા, જી. પોરબંદર) અને ચંદુભાઇ અમરાભાઇ જાદવ (રહે. મોટી પાનેલી, તા. ઉપલેટા, જી. રાજકોટ) નો સમાવેશ થાય છે. શેઠવડાળા પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600


PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com